રેશમ જેવા 'રૂ'ની વર્ષા કરતા વૃક્ષો જોઈ નગરજનો અચંબિત

@ગાંધીનગર

● કલરવ સંસ્થા દ્વારા રવિવારના રોજ સવારે ૮.૧૫ કલાકે સેક્ટર-૧૭, ટાઉનહોલ ખાતે બાલોત્સવ ૨૦૧૬નો કાર્યક્રમ યોજાશે.

● સે-૬-એ ખાતે અંબિકા સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત ૧૬મા પાટોત્સવમાં સવારે ૧૦.૦૦ કલાકે માતાજીને પહેરાવેલ સાડીઓનું જાહેર વેચાણ કરાશે. સાંજે ૭.૦૦ કલાકે સંધ્યાઆરતી રાત્રે ૮.૩૦ કલાકે કથાકાર તારાદેવી રામણીના કંઠે હનુમાનગાથા અને મા અંબાના ભજન કીર્તનનો કાર્યક્રમ યોજાશે.

● કૈલાસ મનસરોવર સેવા સમિતિ દ્વારા રવિવારના રોજ બપોરે ૩ થી ૭ કલાક દરમિયાન કૈલાસ માનસરોવરના યાત્રિઓને માર્ગદર્શન અને ભોળા ભગવાનની આરતી યોજાશે.

● સે-૨૮ની સરકારી ઈજનેરી કોલેજ દ્વારા બપોરે ૪.૩૦ કલાકે દહેગામની મ્યુનિસિપલ બોયઝ હાઈસ્કુલ ખાતે એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસ અવેરનેસ કાર્યક્રમ યોજાશે.

આજે ગાંધીનગર સાહિત્ય સભાની બેઠક

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા તા. ૮મી મે ને રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે સેકટર-૨૧, નમન એપાર્ટમેન્ટ ખાતે સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. ગરવી ગુજરાતના સ્થાપના દિન અંતર્ગત આ બેઠકમાં સાહિત્યકારો ગુજરાત વિષેની પોતાની સ્વરચિત રચના-કાવ્ય, ગીત ગઝલનુંપઠન કરશે. આ સભામાંનગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકોતથા સાહિત્ય સભાના સર્વેસભ્યોને હાજર રહેવા સંસ્થાના પ્રમુખ ભરત કવિ અને મંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા જણાવાયુંછે.

સંસ્કાર ગ્રૂપે સાયન્સ એકસપ્રેસ ટ્રેનની મુલાકાત લીધી

સંસ્કાર ગ્રૂપ દ્વારા સાયન્સ એકસપ્રેસ ટ્રેનની મુલાકાત લેવામાંઆવી હતી. સંસ્થાના પ્રમુખ તુષાર દવેએ આ અંગે જણાવ્યું હતું કે સાયન્સ એકસપ્રેસ ટ્રેનની મુલાકાત અંગે બાળકોને વિજ્ઞાનને લગતા પ્રદર્શન, સ્વચ્છતા અભિયાન, ભારતના જંગલો, જળ સંગ્રહ તેમજ પર્યાવરણ સંરક્ષણના મામલે વિશેષ માહિતી જાણવા મળી હતી. તેમણે જણાવ્યું હતું કે ગ્રામ્ય લક્ષી જીવન પર્યાવરણનું નિકંદન કાઢતા નથી પરંતુ પર્યાવરણને બચાવવાનું ઉમદા કાર્ય કરે છે તે વાતનો અહેસાસ પણ મુલાકાતને અંતે થયો હતો. સાયન્સ ટ્રેન પર્યાવરણ બચાવો અભિગમને વેગ આપતી હોવાથી પ્રત્યેક નાગરિકે આ ટ્રેનની મુલાકાત અવશ્ય લેવી જોઈએ.

સિવિલમાંથી રોમીયોને સિક્યુરીટીએ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સાતમા માળે ગઈકાલે રાત્રીના સમયે એક રોમીયો એક યુવતિને બિભત્સ ચેનચાળા કરતો હતો. આ યુવતિએ તેની માતાને રોમીયો વિશે જાણ કરતા તેની માતાએ ઠપકો આપવા જતા રોમીયો તેની માતાને પણ ન ગાંઠતા હોહા મચી જવા પામી હતી અને ત્યાંથી રોમીયો ફરાર થઈ ગયો હતો. આ રોમીયોને હોસ્પિટલમાં ફરજ બજાવી રહેલા બાબુભાઈ રાવળે હિંમતભેર પીછો કરીને એસટી ડેપોથી પકડી પાડ્યો હતો અને પોલીસને હવાલે કર્યો હતો. પોલીસે પણ સિકયુરીટી ગાર્ડની હિંમતને બિરદાવી હતી.

સિવિલ હોસ્પિટલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ સિવિલના સાતમા માળે ગતરોજ રાત્રીના દશ વાગ્યાના સુમારે પોતાના સ્વજનની ખબર અંતર પુછવા આવેલ યુવતિને એક વોર્ડની બહાર ઉભેલો રોમીયો બિભત્સ હરકતો કરતો હતો. યુવતિએ તેની માતાને આ યુવક વિશે જાણ કરતા તેની માતાએ યુવકને ઠપકો આપવા ગઈ હતી પરંતુ રોમીયો તે દરમિયાન યુવતિની માતાને પણ ન ગાંઠતા હોબાળો થયો હતો. તે દરમિયાન અચાનક મોટીસંખ્યામાં લોકો એકઠા થઈ જતા રોમીયો સાતમા માળે થી ઉભી પુંછડીયે ભાગ્યો હતો. પરંતુ રોમીયોને નીચે ઉભેલા સિકયુરીટી ગાર્ડ બાબુભાઈ રાવળ જોઈ જતા તેમણે સંકુલની બહાર સુધી પીછો કરીને એસ.ટી ડેપો પાસેથી રોમીયોને પકડી પાડ્યો હતો અને પોલીસ બોલાવીને પોલીસને હવાલે કર્યો હતો. આ યુવક કયાંથી આવ્યો કોણ હતો તે કોઈને ખબર નહોતી. પોલીસે પણ સિકયુરીટી ગાર્ડની હિંમતને બિરદાવી હતી.

જુનિયર વર્લ્ડકપમાં ઋષિરાજનો ઉત્કૃષ્ઠ દેખાવ

જર્મની ખાતે તાજેતરમાં રમાયેલ જુનિયર વર્લ્ડ કપમાં ૨૫મી. પિસ્ટલ શુટિંગના રેપિડ ફાયર રાઉન્ડમાં કલોલના ડીવાયએસપીના પુત્રનો ઉત્કૃષ્ઠ દેખાવ : સતત બીજા વર્ષે મેડલ હાંસલ કર્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતેના ડીવાયએસપી અતુલ બારોટના પુત્ર ઋષિરાજ બારોટે તાજેતરમાં જર્મની ખાતે આઈએસએસએફ જુનિયર વર્લ્ડ કપમાં પિસ્ટલ શુટિંગ ઈવેન્ટમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. સતત બીજા વર્ષે પિસ્ટલ રેપિડ ફાયરમાં મેડલ જીતનાર ઋષિરાજને હજુ ગત વર્ષે જ રાજય સરકારે એકલવ્ય એવોર્ડથી નવાજયો હતો. આ વર્ષે પણ તેણે ૨૫ મીટર રેન્જના રેપિડ ફાયર રાઉન્ડમાં ૬૦૦માંથી ૫૬૧નો સ્કોર અંકે કરી સિલ્વર મેડલ જીતતા સમગ્ર જિલ્લાના ખેલપ્રેમીઓમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

આ વર્ષે ઋષિરાજ બારોટ સતત ત્રીજી વાર જુનિયર વર્લ્ડ કપમાં ભાગ લઈ રહ્યા હતા. જર્મની ખાતે રમાયેલ આ વર્લ્ડ કપમાં તેઓએ શિવમ શુકલા અને આદિત્ય જોહલ સાથે ભારતીય ટીમમાં રમી રહ્યા હતા. તેમણે ફ્રાન્સના ખેલાડીથી દ્વિતિય નંબરે સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને રશિયાના શુટરે તૃતીય સ્થાન મેળવ્યું હતું. હવે ઋષિરાજ આગામી માસમાં ઝેક રિપબ્લિકન ખાતે રમવા જનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે કલોલ રેન્જના ડીવાયએસપી અતુલ બારોટના તેઓ પુત્ર છે. ડીવાયએસપી અતુલ બારોટ પોતે અને તેમનો દિકરો અને દિકરી ત્રણેય નેશનલ પિસ્ટલ શુટર છે અને અતુલ બારોટ તથા તેમની પુત્રી પણ રાજય સરકાર દ્વારા સરદાર પટેલ એવોર્ડ મેળવી ચુકયા છે. અમદાવાદના શાહીબાગ ખાતે રહેતા ઋષિરાજ બારોટે ૨૫ મીટર રેન્જના રેપિડ ફાયર રાઉન્ડમાં કુલ ૬૦૦માંથી ૫૬૧નો સ્કોર કર્યો હતો. ગત ઓલિમ્પિકમાં ભારતના શુટર વિજયકુમારે જે કેટેગરીમાં મેડલ હાંસલ કર્યો હતો તે જ કેટેગરીમાં ઋષિરાજે આ સિધ્ધિ મેળવી છે. ઋષિરાજની આ સિધ્ધિથી સમગ્ર ગાંધીનગર જિલ્લાના પોલીસ બેડામાં તથા ખેલપ્રેમીઓમાં આનંદની લહેર પ્રસરી જવા પામી છે.



પ્રેમી પંખીડાઓને પોલીસની ઓળખ આપી તોડ કરતી ગેંગ સક્રીય

તારાપુર પાટીયા નજીક બપોરે આ ગેંગે યુવકને એલસીબીની ઓળખ આપી તેની પાસેથી રૂ. ૧૦ હજાર પડાવી લીધા હતા : ગુનો દાખલ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર આસપાસના વિસ્તારોમાં ઓછી અવર જવર વાળા રસ્તાઓની સાઈડમાં પ્રેમી યુગલો ખાસ કરીને ઉભા રહેતા જોવા મળે છે. અમદાવાદથી પ્રેમી પંખીડાઓ ગાંધીનગર વધુ આવતા હોય છે. આવા યુગલો પાસે જઈ પોલીસની ઓળખ આપીને રોફ જમાવીને રૂપિયા ખંખેરતી ગેંગ સક્રિય થવા પામી છે. ગઈ બપોરે આવા એક યુગલ પાસે જઈને યુવકને ધમકાવી આ ગેંગે રૂ. ૧૦ હજારનો તોડ કરી લીધો હતો. યુવકે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ ગઈ બપોરે સાડા બાર વાગ્યાના અરસામાં તારાપુર ગામના પાટીયા પાસે રસ્તાની સાઈડમાં ચાંદખેડાનો એક યુવાન પ્રેમિકા સાથે બેઠો હતો અને પ્રેમાલાપ કરી રહ્યો હતો તે દરમિયાન એક ગેંગના ત્રણ સાગરીતો આવ્યા અને એલસીબીના માણસો હોવાનું કહીને રોફ ઝાડયો કે તું છોકરીને લઈને કેમ ઉભો છે? તેમ કહીને ધમકાવીને યુવકના પાકીટમાંથી રૂ. ૧૦ હજાર લઈ લીધા હતાં. રૂપિયા ખંખેરીને ત્રણેય શખ્સો સરકી ગયા હતા. યુવકની ફરિયાદ લઈ અડાલજ પોલીસે ત્રણ અજાણ્ય શખ્સો સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. જો કે આ બાબતને ગંભીરતાથી લઈને ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે પણ આ ગુનાની તપાસ માટે પોતાની ટીમ દોડાવી છે.

વેકેશનમાં ૧૫૦થી વધુ બાળકોને નૃત્યની તાલીમ

ગાંધીનગર, તા.૭

સમગ્ર વર્ષ દરમિયાન સતત અભ્યાસુ વૃત્તિ-પ્રવૃત્તિમાં જોતરાયેલા વિદ્યાર્થીઓ વેકેશન દરમિયાન હળવા ફુલ મુડમાં જોવા મળે છે. ત્યારે ભાર વિનાના ભણતર અને દફતરથી દુર હટીને બાળકોમાં રહેલી આંતરીક શકિતને નીખારવા શહેરમાં બાલોત્સવ સહિત અનેકવિધ બાળકોના સર્વાંગી વિકાસ માટેની પ્રવૃતિનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. પૂજન ડાન્સ કલાસીસ દ્વારા પણ વેકેશન દરમિયાન બાળકો માટે નૃત્યના વિશેષ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં નાના બાળકો અવનવા નૃત્યના સ્ટેપ્સ શીખી રહ્યા છે. જયારે આજના જમાના પ્રમાણે કદમ મિલાવવા બાળકો સાથે માતાઓ પણ નૃત્યની તાલિમમાં પસીનો વહાવી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં ઉનાળાના વેકેશનનો પ્રારંભ થતા જ બાળકો માટે વિવિધ સમર કેમ્પના આયોજનો શરુ થઈ જાય છે. ત્યારે ડાન્સમાં શહેરની જુની અને જાણીતી સંસ્થા પૂજન ડાન્સ કલાસીસ દ્વારા બાળકો માટે સમર કેમ્પનું આયોજન સતત ૧૫માં વર્ષે કરવામાં આવ્યું છે. કેમ્પમાં ૩ થી ૧૩ વર્ષના બાળકોની સાથે મોટી ઉંમરની મહિલાઓ પણ ખાસ ડાન્સ શીખવા રસ દાખવ્યો છે. આ સમર કેમ્પમાં બાળકોને ડાન્સ, વેસ્ટર્ન ડાન્સ, બોલીવુડ ફ્રી સ્ટાઈલ, કન્ટેમ્પરી, એરોબીકસ, જીમ્નાસ્ટીક, ઝુમ્બા ડાન્સ, મ્યુઝીક, યોગ, કલાસીકલ ડાન્સમાં કથ્થક સહિતની તાલિમ આપવામાં આવે છે. અત્યારે હાલ કેમ્પમાં બાળકો, યુવક-યુવતિઓ સહિત મોટી ઉંમરની મહિલાઓ સહિત ૧૫૦ થી વધુ લોકો જોડાયેલા છે. સવારે ૭ થી ૯ તેમજ સાંજે ૫ થી ૮ કલાક દરમિયાન આપવામાં આવતી તાલિમમાં એક કલાકમાં ચાર વસ્તુ સાથે કરાવામાં આવે છે. જેમાં બાળકોને સૌ પ્રથમ હળવી કસરત, એરોબીકસ, યોગા, ડાન્સ, જીમ્નાસ્ટીક સમાવેશ થાય છે. પૂજન ડાન્સ કલાસના સંચાલક જણાવે છે દર બે વર્ષે એક વાર બાળકોએ શીખેલા સુંદર ડાન્સના પરફોમન્સ માટે એક શોનું પણ આયોજન કરવામા આવે છે. બચ્ચા પાર્ટીની સાથે યુવાનો તેમજ મહિલાઓએ પણ રસ દાખવ્યો છે જે પ્રસંશનીય છે. અત્યારે હાલ તો પ્રજ્ઞાબેન પણ કેમ્પમાં આવતા બાળકોને ડાન્સના અવનવા સ્ટેપ્સ શીખવાડીને આનંદની લાગણી અનુભવે છે. સમર કેમ્પનો પ્રારંભ તા.૧૫ એપ્રીલના રોજ થયો છે જયારે સમાપ્ત તા. ૧૫ જુન થશે.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સચિવ પદે ડો. કાપડીયાની નિયુકિત

ગાંધીનગર, તા.૭

ગુજરાત સ્ટેટ રીજયોનલ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અમદાવાદના જનરલ મેનેજર (વહીવટી) ડો. ડી.ડી.કાપડીયાની તાજેતરમાં રાજય

સરકાર દ્વારા બદલી કરવામાં આવી છે. સરકાર દ્વારા તેમની બદલી કરી ગુજરાત સ્પોર્ટસ ઓથોરીટી વિભાગ સચિવાલય ગાંધીનગરમાં સચિવ તરીકે મુકવામાં આવ્યા છે.ડો.ડી.ડી.કાપડીયાની નિયુકિત થતા સાથી મિત્રો તેમજ સ્નેહીજનો એ અભિનંદન પાઠવ્યા હતા.

વાતવાતમાં

● શહેરના ઘ-૩ પથિકાશ્રમ સર્કલે સંગીતના સૂરો રેલાતા સાંભળી વાહનચાલકોને સુખદ આશ્ચર્ય થયું હતું. સર્કલની વચ્ચે લગાડાયેલા સ્ક્રીનની સાથે સ્પીકર્સ પણ લગાડાયા છે. જેના પર ગણેશ સ્તુતિ તથા હનુમાન ચાલીસા સહિતના ધાર્મિક સંગીતને વગાડવામાં આવી રહ્યું છે.

● વિવિધ સરકારી ખાતાઓમાં ભરતી પ્રક્રિયાનો પ્રારંભ થતા જ કલેક્ટર કચેરીએ આવકના દાખલો, નોન-ક્રિમિલેયર સર્ટિફિકેટ્સ વગેરે કઢાવવાની અરજીઓનો ભરાવો થઈ જવા પામ્યો છે. આ અરજીઓના નિકાલ માટે જનસેવા કેન્દ્રના કર્મચારીઓ રવિવારે પણ કાર્યરત રહેશે પરંતુ રવિવારે રજા હોવાથી કોઈ નવી અરજી સ્વીકારવામાં નહી આવે.

● મુખ્યમંત્રીની સુરક્ષા વ્યવસ્થામાં ફરજ બજાવતા એક ડિવાયએસપી બારોટ સાહેબે સરગાસણ ખાતે તમના નવીન મકાનનું વાસ્તુપુજન કર્યું હતું. આ વાસ્તુપુજન કાર્યક્રમમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પણ હાજરી આપી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

● શહેરમાં બીજા દિવસે પણ મનપાના મેયરનો મુદ્દો 'ટોક ઓફ ધ ટાઉન' બની રહ્યો હતો. ભાજપના કાર્યકરો સમગ્ર ઘટનાક્રમ સામાન્ય સભાના દિવસે સવારે જ ગોઠવાયો હોવાનું જણાવતા હોવા સાથે હોર્સ ટ્રેડિંગની વાતોને 'નકારતા' નગરજનો સમક્ષ બચાવની ભૂમિકામાં જોવા મળી રહ્યા હતા.

● સતત બીજી વખત ઉમેદવારે જીત્યા પછી પક્ષ પલ્ટો કરી લેતા સેક્ટર-૩૦ના મતદારોમાં રોષ સાથે છેતરાયાની લાગણી પ્રવર્તી રહી છે. આ વિસ્તારના રહીશો હવે મત આપતા પહેલા પક્ષપલ્ટો નહી કરાય તેનું વચન માંગી લેવુ જોઈએ તેવો અભિપ્રાય વ્યક્ત કરતા જણાયા હતા.

વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સૂચિત સંસ્કૃત પાઠશાળા શરૂ કરાશે

ગાંધીનગર, તા.૭

શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બ્રાહ્મણ ઋષિકુમારોને ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અર્થવવેદ તથા પુરાણલક્ષી શાસ્ત્રોનું જ્ઞાન, જયોતિષલક્ષી જ્ઞાન માટેની સંસ્કૃત પાઠશાળાનો શુભારંભ કરવામાં આવશે. આ પાઠશાળામાં વિદ્યવાન ગુરૂજનો દ્વારા ઋષિકુમારોને વૈદિકજ્ઞાન પ્રાપ્ત કરાવવામાં આવશે. આ શાળામાં વૈદિકજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તેના માટે રહેવા જમવાની તેમજ શૈક્ષણિક ફી સાથે વાર્ષિક માનદ ફી થી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશ મેળવનાર ઋષિકુમારોએ ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરેલ હોવો જોઈએ તોજ પ્રવેશ પાત્ર ગણાશે. આ પાઠશાળામાં પ્રવેશ બાબતે વધુ માહિતી મેળવવા અજીતકુમાર રાવલ ૮૧૪૧૨૩૯૫૫૦ પર સંપર્ક સાધવાનો રહેશે.

રેશમ જેવા 'રૂ'ની વર્ષા કરતા વૃક્ષો જોઈ નગરજનો અચંબિત

સે-૨૦માં દુર્લભ ગણાય તેવા 'સીમડો'ના દસ વૃક્ષો : ફળ આવ્યા પછી તમામ પર્ણો ખરી પડેલા આ વૃક્ષ પરથી વરસતા રૂને જોવા પ્રકૃતિપ્રેમીઓના આંટાફેરા : ખરેલા રૂથી જમીન પર સફેદ ચાદર પથરાઈ

ગાંધીનગર, તા.૭

ગુજરાત રાજયના હરિયાળા પાટનગર ગાંધીનગરમાં કુદરતે ખોબલે ને ખોબલે ભરીને સૌંદર્ય આપ્યું છે. આ સાથે નગરની વનરાજીમાં એવા પણ અલભ્ય વૃક્ષોની ભેટ આપી છે જે જવલ્લે જ જોવા મળે છે. સે-૨૦માં અક્ષરધામ મંદિરની પાછળના વિસ્તારમાં નાના શોપીંગ સેન્ટરની સામેના ભાગમાં આવેલા સારી ઊંચાઈ ધરાવતા એક સરખા દસ વૃક્ષો રેશમ જેવું રૂ વરસાવી રહ્યાં છે જેના કારણે રહીશોમાં ભારે અચરજ સાથે કુતૂહલ ફેલાઈ રહ્યું છે. હાલ એક પણ પાંદડુ ના ધરાવતા આ વૃક્ષોને જોવા અન્ય સેકટરના રહીશો પણ ચકકર લગાવી રહ્યાં છે.

વન વિભાગના અધિકારી હેમંત સુથારના જણાવ્યા મુજબ 'બોમ્બેક સીબા' જેવા બૉટનિકલ નામથી ઓળખાતા આ વૃક્ષોને રહીશો 'સીમડો'ના નામથી ઓળખે છે. ત્રણ માળના મકાનથી પણ વધુ ઊંચાઈ ધરાવતા આ સીમડો વૃક્ષને હિન્દીમાં સીમરથી ઓળખવામાં આવે છે. આ વૃક્ષની ખાસિયત એ છે કે તેના ફળમાંથી 'ફૉર્મ' જેવું રૂ નિકળે છે. આ રૂનો ઉપયોગ ઓશિકા બનાવવા માટે પણ કરવામાં આવે છે. જો કે આ વૃક્ષ પર એટલા બધા કાંટા હોય છે કે ખિસકોલી પણ તેના ફળ સુધી પહોંચી શકતી નથી. વસંતઋતુમાં આ વૃક્ષને ફુલ આવે છે જે ઘેરા કસુંબી રંગના મોટા ફુલ હોય છે આ ફુલ જયારે ફળ બને છે ત્યારે વૃક્ષના તમામ પર્ણ કરી પડે છે. તેના ફળ ચેરી જેવા અથવા કપાસના કાલા જેવા હોય છે. જે ફાટે ત્યારે તેમાંથી સફેદ રંગનું રૂ ખરે છે. આ રૂ સાથે તેના મરી જેવા બીજ પણ હોય છે. આ બીજ રૂ સાથે ઉડીને દૂર સુધી પહોંચે છે જેથી આ વૃક્ષ તેનો ફેલાવો દૂર દૂર સુધી કરી શકે છે. જો કે હાલ તો ગાંધીનગરમાં આ પ્રકારના વૃક્ષો બીજે કયાંય જોવા મળ્યાં નથી.

સીમડાના વૃક્ષનું લાકડું પોચું હોવાથી તેનો ઉપયોગ પ્લાયવુડ બનાવવામાં, લાકડાની પેટીઓ જે ચા વગેરેના પેકિંગમાં વપરાય છે તે બનાવવામાં થાય છે. ખાસ તો આ વૃક્ષનું લાકડું દિવાસળી બનાવવામાં વપરાય છે. વસંતઋતુ પછી ફળ પાકી જતા અત્યારે આ વૃક્ષો પર એક પણ પાંદડુ રહ્યું નથી અને ધીમે ધીમે આ વૃક્ષ પરથી વરસી રહેલું 'રૂ' નયનરમ્ય દૃશ્ય ખડું કરે છે. ખરી પડેલા રૂને કારણે વૃક્ષની નીચેનો આસપાસનો વિસ્તાર પણ સફેદ ચાર પાથરી હોય તેવો જણાઈ રહ્યો છે. આ દૃશ્ય જોવા અનેક પ્રકૃતિપ્રેમી નગરજનો સે-૨૦માં મુલાકાત લઈ રહ્યા છે. કેટલાક સ્થાનિક રહીશોના મતે આ વૃક્ષના કાંટા કાપીને ઘસીને લગાડવાથી ચહેરા પરના ખિલ મટે છે અને તેના બીજમાં તૈલી પદાર્થ વધુ હોવાથી ખાઈ શકાય તેવા પૌષ્ટિક હોય છે જે સ્વાદમાં સૂરજમુખીના બીજ જેવા લાગે છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

ફીકસ પગાર ધોરણવાળાઓ માટે જન અધિકાર મંચ આંદોલનના માર્ગે

ગાંધીનગર, તા.૭

ગુજરાતના તમામ વર્ગ-૩ ને વર્ગ-૪ના કર્મચારીઓને બંધારણ મુજબ યોગ્ય વેતન અપાવવા તેમજ શોષણથી મુકત કરાવવા જન અધિકાર મંચ દ્વારા શ્રી પ્રવિણ રામની આગેવાની હેઠળ લડત ચલાવવામાં આવી રહી છે. લડતને કારણે મજબુર થઈ સરકારે તા. ૨૦મી ઓકટોબર ૨૦૧૫ના રોજ વર્ગ ૩-૪ના કર્મચારીઓને માસિક રૂ.૧૫૦૦થી ૨૨૦૦ રૂપિયાનો પગાર વધારો તેમજ સેવાની શરતોમાં સુધારો આપ્યો હતો. જેનો અમલ તા. ૧-૧૧-૨૦૧૫થી કરવામાં આવેલ છે.

પરંતુ તમામ મહાનગરપાલિકાઓ આ ઠરાવનું પાલન કરતી નથી. નાણાં વિભાગના ઠરાવ મુજબ અમદાવાદ-ગાંધીનગરના કર્મચારીઓને ૩૦ ટકા એચ.આર.એ. આપવાની જાહેરાત થઈ હતી પરંતુ અમદાવાદ મહાનગરપાલિકાએ અમલ કરેલ નથી.

તમામ મહાનગરપાલિકાઓ ગુજરાતમાં આવતી ન હોય તેમજ સરકારના નિયંત્રણમાં ના હોય તેવું લાગી રહ્યું છે. અધ્યાપક સહાયક પણ સરકારના ફિકસ પગારદાર હોવા છતાં પગાર વધારો કે સેવાની શરતો સુધારી નથી.મહાનગરપાલિકાઓમાં નાણાં વિભાગના ઠરાવનું પાલન થાય તે માટે ગુજરાત જન અધિકાર મંચ દ્વારા સરકારમાં રજુઆત કરવામાં આવી હતી. પરંતુ સકારાત્મક નિરાકરણ આવેલ નથી. ગુજરાત જન અધિકાર મંચના પ્રમુખશ્રી પ્રવિણ રામે જણાવેલ છે કે ગાંધી માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

ચિરવિદાય

- સ્વ. સબદાબેન માનસંગભાઈ ઠાકોર, ઉ.વ. ૩૫
- સ્વ. રેવાબેન રમણજી ઠાકોર, ઉ.વ. ૫૦